ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# આર્ય વૈદિક દર્શન

**Arya Vaidik Darshan**

**(Monthly)**

**ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર**



वह कुल धन्य ! वह सन्तान बडी भाग्यवान !
जिसके माता–पिता धार्मिक विद्वान हों ।

| | |
|---|---|
| सृष्टि संवत् | : १,९६,०८,५३,११५ |
| विक्रम संवत् | : २०७१ |
| दयानन्दाब्द | : १९० |
| वर्ष | : १ |
| अंक | : १० (अक्तुबर -२०१४) |
| वार्षिक शुल्क | : १०० रुपये |
| पृष्ठ संख्या | : ८ |

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद–३८००२२ से प्रकाशित, सम्पादक–सुरेशचन्द्र अग्रवाल


## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા પુરોહિત ચિંતન અને પ્રશિક્ષણ શિબિર (દ્વિતીય ) સમ્પન્ન

ગુજરાતની આર્યસમાજોમાં સેવા આપતા પુરોહિતો માટે પ્રાંતીય સભા દ્વારા ચિંતન અને પ્રશિક્ષણ શિબિર (દ્વિતીય) ગત તા. ૧૬ થી ૧૯ સપ્ટેમ્બર-૨૦૧૪ (ચાર દિવસીય) આર્યસમાજ ગાંધીધામના સૌજન્યથી વૈદિક સંસ્કાર કેન્દ્ર (ગાંધીધામ) ખાતે યોજવામાં આવી હતી. આ શિબિરમાં મુખ્ય વિષય **સંસ્કાર વિધિ** રાખવામાં આવેલ હતો. જેમાં સંસ્કારોનું મહત્વ, સંસ્કાર વિધિ અને વ્યક્તિત્વ વિકાસ, સંસ્કાર વિધિ અને આરોગ્ય, સંસ્કાર કર્મમાં એકરૂપતા તથા સામાન્ય જનતામાં સંસ્કારોનું પ્રચલન વધારવાનાં ઉપાયો ઉપર ચિંતન કરવામાં આવેલ હતું. ગર્ભાધાન સંસ્કારથી અંત્યષ્ટિ પર્યંત તમામ સંસ્કારોની સૂક્ષ્મ જાણકારી તેમજ તેમાં આવૈદિક કર્મનો પ્રવેશ થતા રોકવા કઇ - કઇ સાવચેતી રાખવા અંગેની આપસમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સમગ્ર ચિંતનમાં ઉપસ્થિત તમામ પુરોહિતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સંસ્કારોની એકરૂપતા સ્થાપિત કરવા સૌએ આવા પ્રયત્નો ચાલુ રાખવા સૂર પૂરાવ્યો હતો. અવાર-નવાર આ પ્રકારે મળતા રહેવાની ભાવના વ્યક્ત કરી હતી.






શિબિરમાં વિવિધ આર્યસમાજોમાંથી ૨૮ પુરોહિતોએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે શિબિરમાં સંસ્કૃત સંભાષણ પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. જેનાં શ્રી અખિલેશજી આર્ય (ગાંધીધામ) એ પોતાની અમૂલ્ય સેવા આપી હતી.

શિબિરમાં પૂર્વજ્ઞાન કસૌટી અને અંતમાં શિબિરાન્ત કસોટી લિખિત રૂપમાં લેવામાં આવેલ હતી. માર્ગદર્શક વિદ્વાન તરીકે પં. રામસ્વરૂપજી (અજમેર) તથા આચાર્ય ગોવિંદસિંહજી વિદ્યાલંકાર (અજમેર) હાજર રહ્યા હતા અને દરેક ચર્ચામાં ઉપયોગી માર્ગદર્શન આપતા હતાં.

શિબિરની દિનચર્યા પ્રાતઃ ૪.૩૦ થી રાત્રિના ૯.૩૦ સુધીની હતી. જેમાં મધ્યાહન વિરામના સમયે આર્યસમાજ ગાંધીધામ દ્વારા સંચાલિત વિવિધ પ્રકલ્પોનું દર્શન તથા કંડલા પોર્ટ ખાતે ભ્રમણ અને દરીયાઇ જહાજનું નિરીક્ષણ કરાવવામાં આવેલ હતું.

સમગ્ર શિબિરમાં આર્યસમાજ ગાંધીધામના મહામંત્રી શ્રી વાચોનિધિ આર્ય તથા અન્ય પદાધિકારી અને કર્મચારી ગણ સતત હાજર રહ્યા હતા. અને સુંદર વ્યવસ્થા સંભાળી હતી.

શિબિરનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ પ્રાંતીય સભાના પ્રમુખ માનનીય શ્રી સુરેશચન્દ્રજી અગ્રવાલની અધ્યક્ષતા અને આર્યસમાજ ગાંધીધામના પ્રમુખ શ્રી પુરુષોત્તમભાઇ પટેલના અતિથિ વિશેષપદમાં યોજાયો હતાં. જેમાં શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવ વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે આર્યસમાજ ગાંધીધામ દ્વારા વિદ્વાનો, સભાના અધિકારીઓ અને તમામ શિબિરાર્થીઓનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ હતું.

સમગ્ર શિબિરનું સંચાલન અને સંયોજન સભામંત્રી હસમુખભાઇ પરમારે કર્યુ હતું.

## ગજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ભજનોપદેશકનો પ્રચાર કાર્યક્રમ યોજાયો...

ગુજરાત પ્રાંતીય આર્યપ્રતિનિધિ સભા દ્વારા વેદ પ્રચાર અંગેનાં કાર્યક્રમો અવાર-નવાર યોજવામાં આવે છે. તદનુસાર મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની આર્યસમાજો માટે પં. ઉદયવીર આર્ય (મથુરા) નો ભજનોપદેશનો કાર્યક્રમ તા.૩૧ ઓગષ્ટ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૪ સુધી યોજવામાં આવ્યો. જેનો લાભ આર્યસમાજ ભરૂચ, આર્યસમાજ બેસણા (જિ.નર્મદા) આર્યસમાજ સોની ફળીયા, સુરત, આર્યસમાજ ઉધના, આર્યસમાજ અડાજણ, આર્યસમાજ નવસારી, ગુરૂકુલ સૂપા વગેરેને મળ્યો. દરેક આર્યસમાજોમાં પ્રતિદિન એક કે તેથી વધુ કાર્યક્રમનું વિવિધ સ્થળોએ આયોજન થયુ. પં. ઉદયવીરનાં ભજનોપદેશની શૈલીની સૌ એ પ્રશંસા કરી.

**આર્યવીર દળ ગુજરાતનો આગામી શીતકાલીન શિબિર અગાઉ જાહેર કરેલ સ્થળે બંધ રહેલ છે, નવી જાણકારી માટે ફોન પર સંપર્ક કરવો.**
**હસમુખ પરમાર (સંચાલક) મો. ૯૮૭૯૩ ૩૩૩૪૮**

आर्यसमाज के सिद्धान्त

## आस्था और अन्धविश्वास – मन मोहन आर्य, देहरादून

**पीछले अंक का शेष भाग...**

लोगों में अज्ञानता के जो संस्कार, अन्ध परम्पराओं का अभ्यास आदि हैं, वह इनसे उत्पन्न मूढ़ता के कारण, सकारात्मक कुछ उत्तम व सत्य मान्यताओं के बारे में सोच ही नहीं पाते हैं। इस अज्ञान, अन्धी आस्था व अन्धविश्वास के संस्कारों को तो सच्चा गुरु ही दूर कर सकता है जिनका हमारे समाज व देश में अभाव दिखाई देता है। आज धर्म व व्यवसाय दोनों एक दूसरे के पूरक व पर्याय बन कर काम कर रहे हैं। सबको अपनी-अपनी केवल आर्थिक उन्नति की चिन्ता है। धर्म-कर्म, सेवा, परोपकार आदि का स्थान प्राथमिक न होकर बहुत बाद में आता है **अतः अन्धविश्वास को दूर करना कठिन व कठिनतम् है।** महर्षि दयानन्द ने अपने गुरु प्रज्ञाचक्षु विरजानन्द जी के कहने पर व अपने विवेक व उत्कृष्ट ज्ञान के कारण यह कार्य किया। उनको मात्र 10 वर्ष का अल्प समय ही मिला जिसमें उन्होंने अभूतपूर्व कार्य किया। **हम तो अनुभव करते हैं कि उन्होंने अपने विचारों से अपने समय में सारे संसार में आध्यात्मिक क्रान्ति की। कोई भी मत, पन्थ, मजहब, सम्प्रदाय उनकी आध्यात्मिक वैचारिक क्रान्ति से बचा नहीं, सब पर उसका कुछ कम या अधिक सकारात्मक प्रभाव हुआ।** आज हमारे पौराणिक भाई जो पहले विदेश की यात्रा में पाप मानते थे तथा विदेश गये व्यक्ति को धर्म से च्युत कर देते थे, विधर्मी के हाथ का भोजन करने व जल पीने पर भी जिनका धर्म छूट जाता था, विधवा विवाह के विरोधी थे, एक ही जाति व समुदाय में विवाह के पक्षधर थे, आज सबने अपने इन कार्यों को छोड़ कर महर्षि दयानन्द के विचारों को स्वीकार कर लिया है। परन्तु बहुत से लोगों का मूर्तिपूजा एवं अन्य अन्ध-विश्वासों से जीवनयापन होता है, अतः वह आज भी यथावत् जारी है। यही स्थिति सभी मत-मतान्तरों में न्यूनाधिक है। **हमारे यूरोप के वैज्ञानिक तो इसी कारण से ईश्वर तक के अस्तित्व को अस्वीकार कर चुके हैं। उन्हें वेदों के आधार पर ईश्वर के स्वरूप व उपासना तथा वैदिक सिद्धान्तों को बताने वाला कोई है ही नहीं और न इस कार्य के लिए उनके पास समय है। ईश्वर व जीवात्मा के स्वरूप के बारे में जिज्ञासा करने व दुःखों से मुक्ति के उपायों पर विचार करने तक का समय भी उनके पास नहीं है। उनका सारा समय तो वैज्ञानिक कार्यों, खोजों या फिर जीवन को सुविधापूर्वक व्यतीत करने में ही व्यतीत होता है। ऐसा ही सर्वत्र दृष्टिगोचर हो रहा है।**

जब तक देश व समाज में अन्ध-विश्वास हैं, देश पूरी तरह से उन्नति नहीं कर सकता। सर्वांगीण उन्नति तभी कही जा सकती है कि जब अज्ञान, अन्धविश्वासों व झूठी आस्था, जिसे वर्तमान में आस्था का नाम दिया जा रहा है, का समूल अन्त हो। इसके लिए बच्चों व बड़ों को सोकर उठने व सोते समय इस वेद-भावना का पाठ करना चाहिये कि **"सत्य को ग्रहण करने व असत्य को छोड़ने में सर्वदा उद्यत रहना चाहिये, सब काम धर्मानुसार अर्थात् सत्य व असत्य को विचार करके करने चाहियें। अविद्या, अज्ञान, अन्धविश्वास, झूठी आस्था, अन्धी श्रद्धा का नाश करना चाहिये और विद्या, ज्ञान, सच्चे विश्वासों, सच्ची आस्था, व सच्ची श्रद्धा में वृद्धि करनी चाहिये।"** जब समाज व देश के सभी लोग वेदमन्त्रों के इन आशयों का विचार, चिन्तन व नियमित वाचन करेंगें तभी देश की सच्ची उन्नति होगी। जब तक देश में मूर्तिपूजा, अवतारवाद, मृतकों मनुष्यों को सन्त आदि का नाम देकर उनसे इच्छाओं की पूर्ति, गुण-कर्म व स्वभाव का विचार किए बिना जन्म पर आधारित जाति-प्रथा, फलित ज्योतिष आदि विचार, मान्यतायें व व्यवहार जारी हैं, तब तक देश व समाज उन्नति नहीं कर सकते। खेद है कि आज के मत-मतान्तरों के अनुयायी व उनके गुरु महाराज इसको समाप्त करने के स्थान पर इन्हें पोषित कर रहे हैं। हमें यह भी अनुभव होता है कि आज के आधुनिक युग का एकमात्र प्रमुखतम् व सच्चा धर्मग्रन्थ सत्यार्थ प्रकाश व आर्याभिविनय सहित वेद, उपनिषद्, दर्शन, विशुद्ध मनुस्मृति की शिक्षायें व मान्यतायें आदि ही हैं। इन्हीं से झूठी आस्था व अन्धविश्वास समाप्त होंगें। इसी साथ हम अपनी लेखनी को विराम देते हैं।

–मनमोहन कुमार आर्य
पताः 196 चुक्खूवाला-2
देहरादून-248001 / फोनः 09412985121

## नास्ति वेदात परमं शास्त्रम्। (वेद से बढकर कोई शास्त्र नहीं है।)

वेद सबसे प्राचीन व सर्वज्ञानयुक्त है इसे अनेक विभिन्न मतावलम्बी विद्वानों ने भी स्वीकार किया है। विदेशी विद्वान पावगी लिखते हैं –

*The Veda is the Fountion head pf knowledge, the prime source of inspiration, may the grand respository of pithy parages of divine wisdom and enternal truth. (Mother of parliament, Page no. 136)*

अर्थात् वेद सम्पूर्ण ज्ञान का आदि स्त्रोत है ईश्वरीय ज्ञान का प्रधान आधार है, इतना ही नहीं, अपितु दिव्य बुद्धि और सत्यमय सारयुक्त वाक्यों का भण्डार है।

आचार्य मनु कहते हैं –

पितृदेवमनुष्याणां वेदश्चक्षुः सनातनम् ।
अशक्यं चाप्रमेयं च वेदशास्त्रमिति स्थितिः ।। (मनु० / २.९४)

शुभ और अशुभ को दिखानेवाला पितृदेव मनुष्यों का शाश्वत चक्षु वेद है संसार के सभी रहस्य वेद में निहित हैं।

वेद प्रभु की वाणी है, शाश्वत है, सनातन है। इस सन्दर्भ में वेद मन्त्र ने बताया – **पश्य देवस्य काव्यं न ममार न जीर्यति।**

अर्थात् परमात्मा के उस काव्य वेद को देखो जो न कभी मरता (नष्ट होता) है और न कभी जीर्ण या पुराना है। यह एक और तर्क संगत बिन्दु है जिस पर गम्भीरता से विचार करें तो वेद प्राचीनतम तथा ईश्वरीय ज्ञान है, प्रथम संस्कृति है, यह सब स्वतः स्पष्ट हो जाएगा। – संदर्भ – धर्म के आधार वेद क्या है?

– लेखक : प्रकाश आर्य, महू

इस मास के विशिष्ट व्यक्ति

## શ્યામજી કૃષ્ણવર્મા – (જન્મ : ૪ ઓક્ટોબર)

લેખક : ભવાનીલાલ ભારતીય    અનુવાદ : પ્રવીણાબેન વાઘેલા

### સ્વામી દયાનંદ – વેદભાષ્યની પ્રકાશન વ્યવસ્થા

શ્યામજી કૃષ્ણ વર્મા ઉપર સ્વામી દયાનંદની વિચારધારાની અમીટ છાપ પડી હતી અને તે તેમને પોતાના ગુરૂ માનતા હતા. સ્વામી દયાનંદે વેદોના વાસ્તવિક અર્થોને સંસારમાં ફેલાવવાની દૃષ્ટિથી ૧૮૭૭ માં વેદો ઉપર ભાષ્ય લખવાનો સંકલ્પ કર્યો અને તેને જલ્દી ક્રિયાન્વિત કરવાની યોજના પણ બનાવી લીધી. સર્વપ્રથમ તેઓએ 'ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકા' ગ્રંથ લખીને વેદના વિષયમાં સ્વમતને વિસ્તારપૂર્વક પ્રગટ કર્યો અને આ પણ સ્પષ્ટ કર્યું કે તેમના દ્વારા કરવામાં આવેલા વેદ-ભાષ્ય વેદાર્થની પ્રાચીન નિરૂક્તાશ્રિત પ્રણાલીનું જ અનુકરણ કરશે. આ રીતે વેદાર્થના સંબંધમાં પોતાની વિચારધારાને સ્પષ્ટ કરીને પછી તેઓએ ઋગ્વેદ તથા યજુર્વેદના ભાષ્ય લેખનનું કાર્ય આરંભ કર્યું. વેદ-ભાષ્યના પ્રકાશન માટે સ્વામીજીએ 'નિર્ણય સાગર પ્રેસ, મુંબઇ' ને પસંદ કર્યો તથા છાપવા માટે આર્યસમાજ મુંબઇના પ્રધાન હરિશ્ચંદ્ર ચિંતામણી ને અનુરોધ કર્યો.

સ્વામી દયાનંદના પત્ર વ્યવહારનું અધ્યયન કરવાથી જાણવા મળે છે કે પ્રારંભમાં તો શ્રી ચિંતામણીએ વેદ – ભાષ્ય પ્રકાશનના કાર્યમાં સારી રીતે સહયોગ કર્યો, પરંતુ થોડા સમય પછી તેઓ આ વ્યવસ્થાને સંભાળી ન શકયા. પોતાના એક પત્રમાં સ્વામીજીએ શ્યામજીને આ વાતો નિર્દેશ કર્યો હતો કે તેઓ ચિંતામણીને હિન્દી જાણવાવાળા એક લિપિક નિયુક્ત કરવા માટે કહે, તેઓએ વાતની ફરીયાદ મળી હતી કે વેદ-ભાષ્યના ગ્રાહકોના સરનામા દેવનાગરીમાં લખી નથી શકાતાં. ૧૪ ઓક્ટોબર ૧૮૭૮ ના લખેલા પત્રમાં તેઓએ શ્યામજીને વેદ-ભાષ્ય વિષયક પત્ર વ્યવહાર કરવાની જવાબદારી લઇ લેવા માટે કહ્યું. સમય જતાં ત્યારે તેઓએ અનુભવ કર્યો કે હરિશ્ચંદ્ર ચિતામણીનો વેદ ભાષ્ય-વિષયક પ્રબંધ નિશ્ચિતરૂપે સંતોષપૂર્ણ નથી, તો તેઓએ ૨૨ ઓક્ટોબર ૧૮૭૮ ના પત્રમાં શ્યામજીને જ આ વિશે બધી વ્યવસ્થા પોતાના હાથમાં લઇ લેવાનો આગ્રહ કર્યો. તેઓએ આ સંબંધમાં ચિંતામણીને પણ લખ્યું કે તે વેદ-ભાષ્યનો પ્રબંધ તુરત જ શ્યામજીને સોંપી દે ચિંતામણીએ વેદભાષ્ય પ્રબંધ તુરત જ શ્યામજીને સોંપવામાં આનાકાની કરી. કદાચ તેમજ તેમની એવી ધારણા હતી કે આમ કરવામાં તેમની બદનામી થશે, કારણકે પ્રબંધ વ્યવસ્થાનું જલ્દી બદલી જવું પણ અનેક શંકાઓ ઉત્પન્ન કરે છે. જ્યારે ચિંતામણીએ વેદ-ભાષ્ય પ્રકાશન પ્રબંધ શ્યામજીને આપવામાં વિલંબ કર્યો તો સ્વામી દયાનંદે પોતાના વિશ્વાસપાત્ર પં. ગોપાલરાવ હરિ દેશમુખને લખ્યું કે મુંબઇ જઇ ચિંતામણીને સમજાવે, જેથી તે શ્યામજીને પ્રબંધની જવાબદારી સોંપી દે. આની સૂચના તેઓએ ૨૦ નવેમ્બર ૧૮૭૮ ના એક પત્ર લખીને શ્યામજીને પણ આપી દીધી.

અંતે વેદ-ભાષ્યનું છાપવાનું અને પ્રકાશનનું કાર્ય પંડિત શ્યામજી સંપૂર્ણ જવાબદારી સાથે સંભળવા લાગ્યા. આ કાર્યમાં તેમની સહાયતા કરવા માટે સ્વામીજીએ રાજસ્થાનના એક ઉચ્ચશિક્ષિત અને પ્રતિશિક્ષિત અને પ્રતિષ્ઠિત વ્યક્તિ મુન્શી સમર્થદાનને મુંબઇ મોકલ્યાં. એક માર્ચ ૧૮૭૯ એ શ્યામજીએ લખેલ પત્રમાં સ્વામીજીએ સમર્થદાન વિશે જાણકારી આપી તથા આ વ્યક્તિના નિવાસ વગેરેનો પ્રબંધ કરવા માટે પણ તેમણે લખ્યું. આ બધા પત્ર-વ્યવહારનું અધ્યયન કરવાથી એ સ્પષ્ટ થાય છે કે શ્યામજીએ પોતાના મુંબઇ-નિવાસના સમયે સ્વામી દયાનંદના વેદ-ભાષ્યના પ્રકાશન વગેરેમાં ઘણો સહયોગ કર્યો હતો. સ્વામીજીનો પોતાનો આ યોગ્ય અને વિદ્વાન શિષ્ય પ્રત્યે જેવો સ્નેહ અને વિશ્વાસનો ભાવ હતો, તે પણ આ પત્રોમાં સારી રીતે જાણી શકાય છે.

## આર્યસમાજ આણંદ દ્વારા ધારાસભ્યશ્રીનું બહુમાન કરાયું...

આણંદ મત વિસ્તારની હાલમાં યોજાયેલ ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષના ઉમેદવાર અને આર્યપરિવારના હિતૈષી એવા માન. શ્રી રોહિતભાઇ પટેલ (મિલ્સેંટ ગ્રુપ) નો જવલંત વિજય થયો હોઇ ધારાસભ્ય તરીકે આણંદ સ્થિત ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા તેઓશ્રીનું તા.૨૨-૯-૧૪ ને સોમવારના રોજ સંસ્થાની મળેલી અંતરંગ સભામાં પદાધિકારીગણ, અંતરંગ સભ્યો અને કર્મચારી વગેરેની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચારથી જન્મ દિવસની વધામણી સાથે અભિનંદન સહ બહુમાન સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલાએ બુકે તથા સ્મૃતિ ચિહ્ન અર્પીને કર્યુ હતું. ત્યાર બાદ માનદ્મંત્રી આર્કિ. અશોકભાઇ પટેલ, રાજ્ય સભાના સાંસદશ્રી લાલસિંહજી વડોદિયા, આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી જશવંતસિંહ સોલંકી તેમજ સંસ્થાના તમામ અંતરંગ સભ્યો વગેરેએ કલગી આપીને ધારસભ્યશ્રીનું સન્માન કર્યું હતું.



આ પ્રસંગે ધારાસભ્યશ્રી રોહિતભાઇએ પ્રતિભાવમાં પોતાના બાળપણનાં સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે આર્યસમાજમાં અમે સન્ ૧૯૫૦ થી ૧૯૬૪ સુધી ઇશ્વર પેટલીકરની બાજુમાં રહ્યાં છીએ અને વૈદિક સંસ્કારોને મેળવ્યા છે. અહિંયા હું નિઃસ્વાર્થ સેવાના પાઠ ભણ્યો છું. આજે અહીં આપની વચ્ચે આર્યસમાજના પ્રાંગણમાં આવીને આપનો સત્કાર મેળવી ભાવવિભોર બની ગયો છું. હું લોકસેવક છું અને જનસેવામાં શ્રદ્ધા રાખું છું.

ભવિષ્યમાં આર્યસમાજ થકી સેવાની તક સાંપડશે તો તે ઝડપી લેવા હંમેશા તત્પર રહીશ એની ખાતરી આપું છું. આપ સૌનો સાથ સહકાર અને આશીર્વાદ હંમેશા મળતા રહેશે.

## આર્યસમાજ ટંકારાના ચાલુ વર્ષના સઘન વેદપ્રચાર અભિયાનની પૂર્ણાહૂતિ

આર્યસમાજ ટંકારા દ્વારા છેલ્લા છ વર્ષથી સઘન વેદપ્રચાર અભિયાન ચલાવવામાં આવે છે. દર વર્ષે શ્રાવણ અને ભાદરવા માસમાં આશરે બે માસ સુધી ટંકારાનાથ વિવિધ વિસ્તારોમાં ઘરે-ઘરે યજ્ઞ અને સત્સંગના માધ્યમથી વેદપ્રચારનું આયોજન કરાય છે. જેનો ચાલુ વર્ષનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ ગત તા.૨૧-૯-૧૪ ના રોજ ઉત્સાહપૂર્વક સંપન્ન થયો. કાર્યક્રમમાં જે-જે પરિવારોમાં યજ્ઞ-સત્સંગ યોજાયાથ તે તમામનાં હસ્તે વિશેષ યજ્ઞમાં પૂર્ણાહૂતિ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં યોગદાન આપનારને બિરદાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રી ચંદ્રેશજી આર્ય (ગાંધીધામ) હાજર રહ્યા હતા. તેઓએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે યજ્ઞ એવું કર્મ છે કે જેનું ફળ શત્રુને પણ મળે છે. આપણી દિનચર્યાના ભાગરૂપે યજ્ઞને સ્થાન આપવાનું છે.

લગભગ સવા કલાકના ઉદ્‌બોધનમાં શ્રી ચંદ્રેશજીએ અનેક ઉદાહરણો આપી યજ્ઞપ્રેમી શ્રોતાઓનાં મનોભાવને તૃપ્ત કરી દીધો હતો.

આ પ્રસંગે પોતાના ઘેર યજ્ઞ-સત્સંગ કરાવનાર તમામ પરિવારોને સ્વામી દયાનંદનું જીવન ચરિત્ર ભેંટ આપવામાં આવેલ હતું.

પૂર્ણાહૂતિ કાર્યક્રમના યજ્ઞબ્રહ્મા તરીકે આચાર્ય રામદેવ શાસ્ત્રી (ટંકારા) બિરાજ્યા હતાં. તેઓએ આશીર્વચન પાઠવતા જણાવ્યું કે વેદપ્રચારનું કાર્ય કરવામાં આપણે તન-મન-ધન લગાવી દેવું જોઇએ. વેદ સર્વ માટે છે. જો વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવી હોય તો વેદના શરણે આવવું પડશે.

## વિવાહ યોગ્ય આર્ય યુવક-યુવતી પરિચય સંમેલન નવેમ્બરમાં યોજાશે...

ગુજરાત પ્રાંતિય આર્યપ્રતિનિધિ સભા અને સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાનું સંયુક્ત વિવાહ યોગ્ય આર્ય યુવક-યુવતી પરિચય સંમેલન આગામી તા.૨૩-૧૧-૧૪ રવિવારના રોજ આર્યસમાજ, સ્ટેશન રોડ, આણંદ (ફોન : ૦૨૬૯૨-૨૪૪૧૯૧) ખાતે યોજાશે. જેઓએ પોતાનાં આવેદનપત્ર જમા કરાવેલ છે તેઓએ પોતાના વાલી/માતા-પિતા સાથે ઉપરોક્ત સ્થળે સવારના ૯-૦૦ કલાકે પહોંચવાનું રહેશે.

જેઓ પોતાનું આવેદન પત્ર રજૂ કરી શકેલ નથી અને ભાગ લેવા ઇચ્છે તો તા.૧-૧૧-૧૪ સુધીમાં નોંધણી ફી રૂા.૨૦૦/- સાથે પ્રાંતીય સભાના કાર્યાલય આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર, મહર્ષિ દયાનંદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૨૨ ને પહોંચતા કરવાના રહેશે.

આપના આગમનની જાણ કરવા વિનંતી.

હસમુખ પરમાર (સભામંત્રી) મો.૯૮૭૯૩૩૩૩૪૮

ડૉ. અવિનાશ ભટ્ટ (સંયોજક) મો.૯૪૨૬૯૪૬૨૦૦

## આર્યસમાજ - રાજકોટ દ્વારા મહિલા યોગ શિબિર યોજાઈ...

આર્યસમાજ, હાથીખાના રાજકોટ દ્વારા ગત તા.૧૨-૧૩-૧૪ સપ્ટેમ્બર - ૨૦૧૪ ત્રણ દિવસ મહિલાઓ માટે યોગ શિબિરનું આયોજન આર્યસમાજ, માયાણી નગર ખાતે કરવામાં આવેલ હતું. જેનો લાભ ૮૦ જેટલી બહેનોએ લીધો હતો. પ્રતિદિન પ્રાતઃ અને સાયં બે-બે કલાક આસન, પ્રાણાયામ સાથે યમ-નિયમની સૂક્ષ્મ જાણકારી આપવામાં આવતી હતી.

પ્રશિક્ષિકા તરીકે જૂનાગઢથી ડૉ. સુદ્‌ગુણાબેન આર્યા અને સુશ્રીભાવનાબેન આર્યાને ખાસ આમંત્રણ આપવામાં આવેલ હતું. બંને બહેનો શિબિરાર્થીઓની શંકાઓનું સમાધાન પણ કરતા હતા.

શિબિરની પૂર્ણાહૂતિ સમયે પૂ. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ પોતાના અમૂલ્ય સમયનું યોગદાન આપ્યું હતું. તેઓએ પોતાના ઉદ્‌બોધનથી શિબિરાર્થી બહેનોમાં ઊર્જાનો સંચાર કરી દીધો હતો.

શિબિરની ફલશ્રુતિ એ રહી કે તન-મનને પ્રફૂલિત્ત રાખતા યોગ અને આધ્યાત્મનો ક્રમ નિયમિત રીતે ચાલુ રાખવા તમામ બહેનોએ આર્યસમાજના પદાધિકારીઓએ વિનંતી કરી હતી. આર્યસમાજ માયાણીનગર ખાતે આ કાર્યનો આરંભ કરવામાં આવેલ છે. જેનો લાભ અનેક બહેનો લે છે.

કાર્યક્રમનું સંચાલન કાર્યકર્તાઓના સહયોગથી મંત્રીશ્રી રણજીતસિંહ પરમારે કર્યુ હતું.

## આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**પુસ્તકનું નામ : અદ્વૈતમત - ખંડન રચના કાળ : સંવત્ - ૧૯૨૭**

**રચના સ્થળ : કાશી (બનારસ)**

**મૂળ ભાષા - સંસ્કૃતભાષામાં હિન્દી અનુવાદ સાથે લખવામાં આવેલ.**



### :: અદ્વૈતમત ખંડન ::

**પરિચય :** અદ્વૈતમત અથવા નવીત વેદાન્તની સમીક્ષા માટે આ પુસ્તક લખેલ હતું. જે ખૂબ પ્રતિભાશાળી રહ્યું હતું. જેનો ઉલ્લેખ મહર્ષિ દયાનંદનું જીવન ચરિત્ર લખનાર પં.લેખરામ અને શ્રી દેવેન્દ્રનાથ મુખોપાધ્યાયએ પોતાનાં ગ્રન્થોમાં કરેલ છે. મહર્ષિ દયાનંદ પોતાના જીવનનાં પ્રારંભમાં ઘણાં વર્ષો સુધી સ્વયં અદ્વૈતવાદનું સમર્થન કરતા હતા. અર્થાત્ જીવ અને બ્રહ્મ એક છે એવું માનતા હતા. પરંતુ અભ્યાસ અને અનુભવના આધારે જીવ અને બ્રહ્મના ભેદની વાસ્તવિકતા સમજાતા વૈદિક ત્રેતાવાદનો સ્વીકાર કર્યો હતો.



## ભૂજમાં વેદ કથા યોજાઈ...

તા.૧૨ થી ૧૪-૯-૨૦૧૪ સુધી કરવામાં આવેલ હતું, જેના વક્તા પૂ. સ્વામી શાન્તાનંદ સરસ્વતી (વૈદિક ગુરુકુળ, ભવાનીપુર-અબડાસા) હતા.

વેદકથાના મુખ્ય વિષય આ મુજબ હતા.

- વેદ અનુસાર આ સંસાર ક્યારે બન્યો, કોણે બનાવ્યો, કોનાથી બનાવ્યો, કેવી રીતે બનાવ્યો, કેમ બનાવ્યો, ક્યાં સુધી બની રહેશે, ક્યારે પ્રલય થશે, કેવી રીતે પ્રલય થશે અને કોણ પ્રલય કરશે?
- વેદમાં ઈશ્વર એક યા અનેક? એક છે તો એના નામ અનેક કેમ છે? વાસ્તવમાં ઈશ્વરનો નિવાસ કયાં છે?
- વેદમાં નારી શક્તિનું શું મહત્વ છે? વેદમાં ગૌ-માતાનું મહત્વ છે ? વેદાનુસાર રાષ્ટ્રનું રાજ્ય કેવું હોવું જોઈએ?
- આજે સમાજમાં ફેલાઇ રહેલ અનેક પ્રકારની સમસ્યાઓનું સમાધાન વેદોમાં શું છે?
- જીવનમાં મહાન બનવા વેદમાં શું ઉપાય બતાવેલ છે? સ્વસ્થ નિરોગી દીર્ઘાયુજીવન પ્રાપ્ત કરવા વેદોમાં શું નિર્દેશ છે?
- વેદાનુસાર ગૃહસ્થ જીવન સુખી કેમ બનાવી શકાય ?
- વેદાનુસાર આપણા સંતાનોને ઈશ્વરભક્ત, દેશભક્ત, માતૃ-પિતૃભક્ત અને સંસ્કારવાન કેમ બનાવી શકાય ?
- જપ, તપ, વ્રત, તીર્થનું વાસ્તવિક અર્થ વેદાનુસાર શું છે?
- ગૃહસ્થજીવનમાં રહીને મોક્ષ કેમ પ્રાપ્ત કરી શકાય અથવા પુર્નજન્મ મનુષ્યનો કેમ પ્રાપ્ત કરી શકાય?

સમગ્ર આયોજન શ્રી વેદપ્રચાર સમિતિ-કચ્છ, શ્રી ગાયત્રી મહિલા મંડળ-પ્રમુખસ્વામીનગર, ભુજ તથા શ્રી વિશ્વ હિન્દુ પરિષદ (કચ્છ વિભાગ) દ્વારા કરવામાં આવેલ હતું.

## આર્યસમાજ જૂનાગઢમાં સ્વાતંત્ર્ય દિન અને જન્માષ્ટમીની ઉજવણી

આર્યસમાજ, દાતાર રોડ, જૂનાગઢ દ્વારા ૧૫ મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણી કરવામાં આવેલ હતી. વિશેષ યજ્ઞ બાદ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. પં. કમલેશજીએ પ્રાસંગિક વકતવ્ય આપેલ હતું.

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવેલ હતી. સર્વપ્રથમ વિશેષ યજ્ઞ કરવામાં આવ્યો. ભજન-પ્રાર્થના બાદ શ્રીકૃષ્ણના જીવન અને સંદેશ વિશે પં. કમલેશજીએ મનનીય ઉદ્‌બોધન કર્યુ હતું. આ પર્વની ઉજવણીના ભાગરૂપે વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા નીકળતી શોભાયાત્રામાં આર્યસમાજે પણ ભાગ લીધો હતો. જેમાં પ્રાચીન અને અર્વાચીન શિક્ષણ પદ્ધતિનું તુલનાત્મક મૂલ્યાંકન કરતો ફલોટ સામેલ કર્યો હતો. આર્યવીરો દ્વારા શોભાયાત્રામાં સુંદર વ્યાયામ પ્રદર્શન કરવામાં આવેલ હતું જેને હિન્દુ ઉત્સવ સમિતિ દ્વારા ઇનામ આપી બિરદાવવામાં આવેલ હતું.

## આર્યસમાજ કછોલી દ્વારા વેદપ્રચાર સપ્તાહનું આયોજન કરાયું...

આર્યસમાજ કછોલી દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ તારીખ : ૩-૮-૧૪ થી ૯-૮-૧૪ સુધી ઘરે ઘરે જઇને સવાર-સાંજ બે ટાઇમ વેદપ્રચાર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આર્યસમાજ કછોલીના પ્રમુખ શ્રી હેમેન્દ્રભાઇ દેસાઇ તથા મંત્રીશ્રી તથા ખજાનચીશ્રીએ સફળ સંચાલન કર્યુ હતું. જેમાં કછોલીના પુરોહિત શ્રી વિમલભાઇ તથા ટંકારા ઉપદેશક વિદ્યાલયનાં બ્રહ્મચારી હરિદેવ શાસ્ત્રીએ ભજન તથા પ્રવચનોનાં માધ્યમથી વેદોનો પ્રચાર તથા શ્રાવણીનું મહત્વ સમજાવ્યું હતું સાથે શ્રાવણીના દિવસે ધર્મપ્રેમી ભાઇ-બહેનોને યજ્ઞોપવિત ધારણ કરાવી હતી અને શ્રાવણી પર્વની પૂર્ણાહૂતિ કરી હતી.

## વાનપ્રસ્થ સાધક આશ્રમ - રોજડ ખાતે યોજાશે...
## ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

પૂ. સ્વામી સત્યપતિજી પરિવ્રાજકની અધ્યક્ષતામાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડ માં તા.૧૬ થી ૨૩ નવેમ્બર - ૨૦૧૪ સુધી આઠ દિવસનો યોગ પ્રશિક્ષણ શિબિર રાખવામાં આવેલ છે.

શિબિરની દિનચર્યા પ્રાતઃ ૪ થી રાત્રિ ૯-૩૦ સુધીની રહેશે. શિબિરમાં ભાગ લેનારે શિબિરનાં નિયમોનું પાલન કરવાનું રહેશે. ભાગ લેવા ઇચ્છનારે અગાઉથી નોંધણી કરાવી સ્વીકૃતિ મેળવવાની રહેશે. નોંધણી શુલ્ક ૧૦૦૦/- રહેશે. સ્વીકૃતિ વિના શિબિરમાં આવનારને જો સ્થાન ખાલી હશે તો જ પ્રવેશ મળશે અને તેઓએ શિબિર શુલ્ક રૂ. ૧૫૦૦/- આપવાનું રહેશે.

પત્ર વ્યવહાર અને ઇ-મેઇલ માટેનું સરનામુઃ

**વ્યવસ્થાપક -**
વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા (ગુજરાત) પિનઃ ૩૮૩૩૦૭
ફોન : ૦૨૭૭૦-૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫,
૯૪૨૭૦ ૫૯૫૫૦
**Email : vaanaprasthrojad@gmail.com**
**WEB : www.vaanaprastharojad.org**

## સંક્ષિપ્ત સમાચાર...

આણંદ જિલ્લાનાં વિદ્યાર્થીઓમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિ, સભ્યતા, ઇતિહાસ અંગેનું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત થાય. આપણી પ્રાચીન ધરોહર સમા ચાર વેદ અંગેની સાચી સમજ મળે જ્યા યોગ દ્વારા શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિ કેળવાય તેવા ઉમદા હેતુથી આણંદ જિલ્લાની શાળાઓમાં જુલાઇ અને ઓગષ્ટ માસ દરમ્યાન વેદ પ્રચાર પરીક્ષાનું આર્યસમાજ-આણંદ દ્વારા શ્રી કેતનભાઇ જે. પટેલ નાવલીના સહયોગથી યોજવામાં આવી.

જેમાં મોટી સંખ્યામાં શાળાઓના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

જેમા શાળાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને સંસ્થા તરફથી (પાંચ પુસ્તકો) ના સેટ સંસ્થાએ આપીને પુરસ્કૃત કર્યા હતા. તથા વિદ્યાર્થી-ભાઇબહેનોને અભિનંદન સહ ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. લાઇબ્રેરી માટે વૈદિક સાહિત્ય મેળવવા હેતુ આર્યસમાજ આણંદનો સંપર્ક કરવો.

તા.૧-૯-૨૦૧૪ થી તા. ૩૦-૯-૨૦૧૪ ત્રણ દિવસ દરમ્યાન ચરોતરના વિવિધ ગામો-શાળા વગેરેમાં સઘન વેદપ્રચારના કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યા.

આ વેદપ્રચારનો કાર્યક્રમ ગુજરાત પ્રાંતિય આર્યપ્રતિનિધિ સભા દ્વારા ગોઠવવામાં આવ્યો હતો. વૈદિક ધર્મ પ્રચારક શ્રી ઉદયવીરજી આર્ય (ભજનોપદેશક) તથા શ્રી અમીદચંદજી આર્ય (તબલાવાદક) ખાસ મથુરા (ઉત્તરપ્રદેશ) થી પ્રચાર કાર્ય માટે મોકલવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલાના માર્ગદર્શન તથા માનદ્‌મંત્રી શ્રી આર્કિ. આશોકભાઇ પટેલની સીધી દેખરેખ હેઠળ સંસ્થાના અંતરંગ સદસ્ય શ્રી કેતનભાઇ પટેલ (નાવલી) ના સક્રિય સહયોગથી નીચેના સ્થળોએ પરમાત્માની વાણી વેદ, સત્ય સનાતન વૈદિક ધર્મ, રાષ્ટ્રવાદ વગેરે મુદ્દાઓને આવરી લઇને ભજન તથા રોચક કથા વાર્તા સૌને સમજ પડે તેવી સરળ છતાં રોચક શૈલીમાં ભજનોપદેશક દ્વારા સફળતાપૂર્વક કાર્યક્રમો સંપન્ન થયા હતા.

રાત્રે ૯ થી ૧૦-૩૦ દરમ્યાન મોગર ખાતે કોમ્યુનીટી હોલમાં શ્રી પ્રવિણસિંહ મહીડાના પ્રયત્નોથી આશરે ૫૦-૬૦ વ્યક્તિઓએ ભજનોપદેશનો લાભ લીધો હતો. યુવકોનો ઉત્સાહ જોતા ભજનોપદેશકે થોડા વધુ સમય માટે પોતાના ઉમદા વિચારો રજુ કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો તથા પુનઃ આવા જાહેર કાર્યક્રમો યોજાય તેવી લાગણી સાથે આર્યસમાજ આણંદના આયોજકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## આણંદ શહેર...

**આર્યસમાજ આણંદ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સમ્પન્ન :** ભારતભૂમિને સ્વાતંત્ર્ય કરવાના પ્રથમ ઉદ્‌ઘોષક તથા જેની પ્રેરણાથી સ્વતંત્ર્ય સંગ્રામમાં લાખો અનુયાયીઓએ બલિદાન આપ્યા એવા રાષ્ટ્ર પિતામહ મહર્ષિ દયાનંદ સરસ્વતી દ્વારા સ્થાપિત આર્યસમાજોમાં દર વર્ષે રાષ્ટ્રીય પર્વની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવે છે. તે પરંપરાના ભાગરૂપે તા.૧૫-૮-૧૪ ને શુક્રવારના રોજ ૬૮ માં સ્વતંત્ર્ય દિવસે ચરોતર પ્રદેશ આર્ય સમાજ - આણંદના પ્રાંગણમાં સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી એમ. વાઘેલા (મોગર) ના કરકમલો દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સામૂહિક રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ પટેલ (ચીખોદરા), માનદ્‌મંત્રી આર્કિ. અશોકભાઇ પટેલ (કુંજરાવ), અંતરંગ સભ્યશ્રીઓ - શ્રી રાજેન્દ્રસિંહ રાજ (સારસા),

શ્રી કેતનભાઇ પટેલ (નાવલી), શ્રી વિઠ્ઠલભાઇ પરમાર (સિંહોલ), શ્રી ગોરધનભાઇ આર્ય (સામરખા), શ્રી રમણભાઇ ડી. પટેલ (વઘાસી), શ્રી રમેશચંદ્ર સોઢા (ખાખોરા) તથા શ્રી પુનમભાઇ પટેલ (મામા), વ્યવસ્થાપકશ્રી વિજયકુમાર એમ. આર્ય, પુરોહિતશ્રી પં. કનુપ્રસાદ શાસ્ત્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે સ્વાતંત્ર્ય પર્વ યજ્ઞનું આયોજન સંસ્થાની પવિત્ર યજ્ઞ શાળામાં કરવામાં આવ્યું હતું. જેમાં વેદના રાષ્ટ્ર ઉત્થાનના વિશેષ મંત્રોથી આહુતિ આપવામાં આવી હતી તથા વૈદિક પ્રાર્થનાનું શ્રદ્ધાપૂર્વક ગાન કરવામાં આવ્યું હતું. ભારતભૂમિ હંમેશા સ્વતંત્ર રહે, ભારતવાસીઓ સદા સલામત રહે તેમજ સ્વસ્થ, પ્રસન્ન અને અન્નાદિથી પરિપૂર્ણ તુપ્ત રહે તેવી કમના વૈદિક મંત્રોચ્ચાર કરી કરવામાં આવી હતી.

સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયા। સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખભાગ ભવેત્॥

અંતમાં આભાર વિધિ - શાંતિપાઠ - પ્રસાદ વિતરણ સાથે રાષ્ટ્રીય પર્વની ઉજવણી સંપન્ન થઇ.

# વૈચારિક ક્રાંતિ માટે સત્યાર્થ પ્રકાશ વાંચો.

**આર્યસમાજ જૂનાગઢમાં હિન્દી દિવસની ઉજવણી :** દ્વારા તા.૧૪ સપ્ટેમ્બર રાષ્ટ્રભાષા હિન્દી દિવસની નિમિત્તે હિન્દી ભાષાના પ્રચાર માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળાનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાનાં વિષયો હતા (૧) પર્યાવરણ સમસ્યા, નિવારણ ઔર સંરક્ષણ (૨) મહિલા સુરક્ષા-વર્તમાન સમસ્યા સ્પર્ધામાં પ્રથમ સ્થાને દર્શન ઉપાધ્યાય, દ્વિતીય એશ્વણ ત્રાંબડિયા અને તૃતીય દર્શન વસંત રહ્યા હતા. દરેકેને રૂા. ૪૦૦, ૩૦૦, ૨૦૦ રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવેલ હતાં. તેમા ભાગ લેનાર તમામને રાઇટિંગ પેડ, બોલપેન, વૈદિક સાહિત્ય, નેમ સ્ટીકર અને પ્રમાણપત્ર તથા રૂા.૫૦ પુરસ્કાર આપવામાં આવેલ હતાં.

નિર્ણાયક તરીકે અમીબેન અને અવનીબેને સેવા આપી હતી. સ્પર્ધા દરમ્યાન ઉપસ્થિત તમામને હિન્દીમાં જ વાત-ચીત કરવા પ્રેરણા આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં આર્યસમાજના પદાધિકારીઓ સર્વશ્રી કાંતિભાઇ કીકાણી, દિલીપભાઇ, કેશુભાઇ, જગદીશભાઇ, રાજુભાઇ, દેવાયતભાઇ, શોભનાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતાં અને સ્પર્ધકનો ઉત્સાહ વધાર્યો હતો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | ■ | 2 | | | |
| 3 | | | | ■ | 4 | | | | ■ |
| 5 | | | | ■ | 6 | | | | ■ |
| 7 | | | | | | ■ | 8 | | |
| | | | | ■ | ■ | | | | |
| ■ | ■ | ■ | ■ | | | | | | |
| 9 | | | | ■ | ■ | ■ | ■ | ■ | ■ |
| 10 | | | ■ | 11 | | | ■ | 12 | |

**દરેક આડી લાઇન :**

૧. આપણો ધર્મ ક્યો છે જેને આપણે ભૂલી ગયા છીએ. – (૫)
૨. આપણાં દેશનું મૂળ નામ – (૪)
૩. આપણી શિક્ષા પદ્ધતિ કઇ છે. – (૪)
૪. આપણા ઈષ્ટદેવનું સ્વરૂપ કેવું છે. – (૪)
૫. આપણો વેદાનુકુલ સિદ્ધાન્ત ક્યો છે. – (૪)
૬. મનુષ્ય માત્રનો ભોજનનો પ્રકાર – (૪)
૭. ભારતની અવનતિનાં કારણોમાંથી ૨ કારણ – (૬ – ૪)
૮. ઈ.સ. ૧૩૭૮, ૧૯૪૭, ૧૭૬૧માં રાષ્ટ્ર ભારતના હિસ્સામાંથી અલગ થયા. – (૩ – ૪ – ૬)
૯. એક આદર્શ જીવન ચરિત્રરૂપી ગ્રંથ. – (૪)
૧૦. આપણે ક્યા પ્રકારના કર્મ કરીને આવ્યા જેથી ઇશ્વરે મનુષ્ય શરીર આપ્યું. – (૩)
૧૧. ઇશ્વરે મનુષ્યને કયાં પ્રકારનાં કર્મ કરવાનું કહ્યું જેથી મોક્ષ મળે – (૩)
૧૨. આપણો ધર્મ ગ્રંથ. – (૨)

**આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.**

## चाणक्य नीति (प्रथमोऽध्याय:)

(१२)

नखीनां च नदीनां च श्रृंगीणां शस्त्रपाणिनाम्।
विश्वासो नैव कर्त्तव्य: स्त्रीषु राजकुलेषु च।।

**भावार्थ :** बुद्धिमान व्यक्ति नख वाले पशुओं पर, नदियों पर, सींग वाले जानवरों पर और जो हथियार हाथ में लेकर व्यर्थ घूमता हो उस नर पर, दुश्चरित्रा स्त्रियों पर तथा राजकुलों पर कभी विश्वास न करे।

**(पद्यार्थ) ।। दोहा ।।**

विश्वास मत कीजे कभी उसका कि जो नखवान हो,
नदियाँ कि जो बहती सदा रहती न कुछ पहचान हो।
सींग वाला जो पशु विश्वास उसका भी न कर,
या करों में शस्त्र लेकर घूमता हो व्यर्थ नर।
नारियों के बीच पहुँची बात रुक सकती नहीं,
और राजा के कुलों की बात स्थिर रहती नहीं।

---

(१३)

विषादप्यमृतं ग्राह्यममेध्यादपि कांचनम्।
नीचादप्युत्तमा विद्या स्त्रीरत्नं दुष्कुलादपि।।

**भावार्थ :** विष से अमृत लेले, कीचड में पडे सोने को भी उठा लेना चाहिए यदि उत्तम विद्या हो तो नीच से भी ग्रहण कर लेनी चाहिए और बुरे कुल में उत्पन्न होने पर भी यदि स्त्री में अच्छे गुण हैं तो उसको स्वीकार कर लेना चाहिए।

**(पद्यार्थ) ।। दोहा ।।**

विष से भी अमृत गहे, गहे स्वर्ण को कीच।
उत्तम विद्या नीच से, नारि नीच कुल बीच।।

---

**આપના સમાચાર પત્ર દ્વારા નીચેના સરનામે મોકલવા વિનંતી.**
**આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા.**
**જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦**

## ::: આર્યવૈદિક દર્શન અંગે સૂચના :::

–આર્યવૈદિક દર્શનનું નવા વર્ષ ૨૦૧૪–૧૫ નું વાર્ષક લવાજમ રૂા. ૧૦૦/– દરેક ગ્રાહકોને મોકલી આપવા વિનંતી.

– જે ગ્રાહકોનું પાછલા વર્ષનું લવાજમ બાકી હોય તેમણે બે વર્ષનું લવાજમ સાથે મોકલવું.

– લવાજમ મનીઓર્ડર વડે જ નીચેના સરનામે મોકલવું.

**પ્રવીણભાઈ ઠાકર**
વ્યવસ્થાપક
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, હાથીખાના,
**રાજકોટ**

**આપના સમાચાર અને ફોટોગ્રાફ નીચેના ઈ-મેઈલ આઈડી પર મોકલવા નમ્ર વિનંતી.**
alpaprinters@yahoo.com
geniuscomputertankara@gmail.com
aryasamaj.tnk@gmail.com

**ગુજરાત પ્રાન્તીય આર્ય પ્રતિનિધિ સભાનું ઈ-મેઈલ એડ્રસ**
gujaratsabha@gmail.com

## શબ્દકોઠાનો ઓગષ્ટ –૧૪ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 મ | દ | ન | મો | હ | ન | મા | લ | વી | ય |
| અ | ટ | લ | બિ | હા | રી | બા | જ | પે | યી |
| સુ | ભા | ષ | ચં | દ્ર | બો | ઝ | ■ | 2 પ | ર્વ |
| 3 મ | હ | ર્ષિ | સ્વા | મી | દ | યા | નં | દ | ■ |
| 4 જ | શ્ન | એ | આ | ઝા | દિ | ■ | 5 ઇ | ન્ડિ | યા |
| 6 વં | દે | મા | ત | ર | મ્ | ■ | 7 3 | O | A |
| 8 જ | ન | ગ | ણ | મ | ન | ■ | 9 કા | શ્મિ | ર |
| 10 શિ | વ | રા | મ | હ | રિ | રા | જ | ગુ | રુ |

# આર્યાભિવિનય

**મહર્ષિ દયાનંદ સરસ્વતી**

मा नो महान्तमुत मा नो अर्भकं मा न उक्षन्तमुत मा न उक्षितम्।
मा नो वधीः पितरं मोत मातरं मा नः प्रियास्तन्वो रुद्र रीरिषः॥
मा नस्तोके तनये मा न आयौ मा नो गोषु मा नो अश्वेषु रीरिषः।
वीरान्मा नो रुद्र भामितो वधीर्हविष्मन्तः सदमित्त्वा हवामहे ॥

॥૫૦-૫૧॥ ऋ० ૧.૮.૬.૭.૮


**વ્યાખ્યા :** હે रुद्र દુષ્ટ વિનાશક ઇશ્વર! આપ અમારા પર કૃપા કરો. मा नो व० અમારા જ્ઞાનવૃદ્ધ અને વયો વૃદ્ધ પિતાને નષ્ટ કરશો નહિ તથા मा नो अर्भकम् નાના બાળકો અને उक्षन्तम् વીર્ય સેચનમાં સમર્થ એવા યુવાનોને તથા ગર્ભમાં જે વીર્ય સેચન કરેલ છે તેનો (ગર્ભનો) વિનાશ કરશો નહિ તથા અમારાં પિતા, માતા અને પ્રિય તનુઓ (શરીરો) નોमा रीरिषः નાશ કરશો નહિ.

मा नः तोके નાનાં, વચલાં અને મોટાં એવાં સંતાનો आयौ અમારી આયુ, गोषु ગાય આદિ પશુઓ, अश्वेषु ઘોડા વગેરે શ્રેષ્ઠ વાહન તથા અમારી સેનાના શૂરવીરો પર તથા हविष्मन्तः યજ્ઞ કરનારાઓ પર भामित ક્રોધિત અને मा रीरिष રોષયુક્ત કદી પણ ન થાઓ. અમે આપને सदमित्त्वा हवामहे (સદા) સર્વદા જ આહ્‌વાન કરીએ છીએ, હે ભગવન્ રુદ્ર પરમાત્માન્! આપની પાસે એટલી જ પ્રાર્થના છે કે અમારી, અમારા સંતાનોની અને અમારા ધન-ઐશ્વર્યની રક્ષા કરો.




## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

– મદન રહેજા



અંધ વિશ્વાસ – **સાધુ, પીર, ફકીરની મજાર પર માનતા માનવાથી આપણી મનોકામના પૂરી થાય છે.**

**નિવારણ** – જે જગ્યાએ સાધુ, સંત, મહાત્મા, પીર, ફકીર વગેરેના શબને અગ્નિદાહ અપાય છે અથવા દફનાવાય છે, ત્યાં તેમની સ્મૃતિમાં સમાધિ સ્થળ કે મજાર બનાવવામાં આવે છે. એ સ્થાનોએ આવીને તેમના અનુયાયી કે શિષ્ય અથવા વંશજ પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. કોઇ એ સ્થાને ફૂલ ચઢાવે છે તો કોઇ ચાદર ઓઢાડે છે. આવું કરનારા એવું માને છે કે અમારી માનતા-મનોકામના પૂરી થશે. આમ કરવું એ તેમની મોટા ભૂલ છે એટલું જ નહીં બહુ મોટો અંધવિશ્વાસ છે. જેની પાસે માંગવામાં આવે છે તે તો ત્યાં હાજર જ નથી. તેઓનું શરીર તો પંચમહાભૂતમાં વિલિન થઇ ગયું છે. તો કઇ રીતે આપણા આવાજ કે આપણી લાગણી-ભાવના સાંભળી શકે ? સાધુ, સંત, પીર વગેરે પણ આપણાં જેવાં મનુષ્યો હતાં. સત્કર્મો કરીને આ સંસારમાંથી વિદાય થઇ ગયા. જો તેઓના શુભકર્મોને યાદ કરીએ અને આપણાં જીવનમાં તેને ગ્રહણ કરીએ તો જરૂર કંઇક લાભ થાય, પરંતુ માનતા પૂરી થશે એવું માનવું ભૂલ ભરેલું છે. આને જ જડ-પૂજા કહેવામાં આવે છે, જડ પૂજા કરવાથી ઉન્નતિ નહીં પરંતુ અવનતિ થાય છે. જડ-પૂજા કરવાથી આપણી અંદર જડતા આવી જાય છે અને જડતાથી ક્યારેય મનોકામના પૂરી ન થઇ શકે.

એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે માત્ર ઇશ્વર જ વંદનીય છે. ઇશ્વરના સ્થાને અન્ય કોઇની પણ ઉપાસના કરવી અનુચિત્ત છે. આમ કરવું તે નાસ્તિકતાની નિશાની છે. જે લોકો ઇશ્વરનાં સાચા સ્વરૂપને નથી માનતા તેઓ જ જડપૂજા કરે છે. ઇશ્વર ચેતન છે તેની ઉપાસના કરવાથી તેની આજ્ઞાનું પાલન કરવાથી આપણી મનોકામનાઓ પૂરી થઇ શકે છે. પૂર્ણ પુરુષાર્થ કર્યા પછી જ ઇશ્વર આપણી પ્રાર્થના સ્વીકાર કરે છે.

આ સમાધિ સ્થળ, મજાર વગેરે તો અત્યારે કેટલાંક લોકોની આજીવિકાનાં સાધન બની ગયા છે. નિરાશ થયેલા લોકો માનતાઓ – બાધા રાખડી રાખે છે. હજારોમાં એક-બે કે દસ – વીસની માનતા કોઇ અન્ય કારણે પૂરી થાય તો તેઓ તેનો ખૂબ પ્રચાર કરે છે, અને અન્ય નિરાશ-હતાશ લોકો માટેના લાલચનું માધ્યમ બને છે. પરિણામે માનતાઓ ચાલતી રહે છે અને સમાધિ – મજારોનો વ્યવસાય ચાલતો રહે છે.

BOOK-POST

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**પ્રતિ,** ______________________

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद E : gujaratsabha@gmail.com की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद-३८००२२ से प्रकाशित,
• सम्पादक-सुरेशचन्द्र अग्रवाल • सहसम्पादक : हसमुख परमार – ९८७९३ ३३३४८ • व्यवस्थापक : प्रविण ठाकर – ९४२८२ ०२४५८